**Gujarat Chamber of Commerce & Industry**

ગુજરાત વેપારી મહામંડળ ૧૯૪૯ થી કાર્યરત

તા. ૧૭ મે, ૨૦૨૦/6222

**ડૉ. રાજીવ કુમાર ગુપ્તા, IAS**

અધિક મુખ્ય સચિવ

વન અને પર્યાવરણ વિભાગ

ગુજરાત સરકાર

ગાંધીનગર.

**Durgesh V. Buch**
President

**Natubhai Patel**
Sr. Vice President

**Bhargav Thakkar**
Vice President

**Sanjeev Chhajer**
Secretary

**Dilip M. Padhya**
Secretary (R)

**Pathik S. Patwari**
Treasurer

**વિષયઃ આવશ્યક સેવાઓ પુરી પાડતી દુકાનો તથા ધંધાકીય એકમોનું અમદાવાદ મહાનગરપાલિકા દ્વારા મેડીકલ સ્ક્રીનિંગ બાબત.**

**માનનીયશ્રી,**

તા. ૧૩ મે, ૨૦૨૦ના રોજ આપશ્રીને મોકલેલ પત્રમાં જણાવ્યા મુજબ અમારા સૂચનને માન્ય રાખી અમારા વેપારી એસોસીયેશનોને તેમની ઓફીસમાં સ્ક્રીનીગ કરવા અને હેલ્થ કાર્ડ ઇસ્યુ કરવાની મંજુરી અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશનના તા. ૧૬-૫-૨૦૨૦ના પત્ર નં.૫૩૨ થકી અમોને આપવા બદલ આપશ્રીનો આભાર માનીએ છીએ. અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન તરફથી મળેલ પત્રની નકલ અત્રે આપની જાણ સારુ બિડાણ કરેલ છે.

આપ વિદિત હશો તેમ અમારા વેપારી મહાજનો સાથે ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઇન્ડસ્ટ્રી ખાતે અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશનના અધિકારીઓની ઉપસ્થિતિમાં મિટિંગ યોજવામાં આવી હતી જેમાં આ એસોસીયેશનના સભ્યોનું સ્ક્રીનીગ અને તેમને હેલ્થ કાર્ડ ઇસ્યુ કરવા અંગેની પ્રક્રિયા નક્કી કરવામાં આવી હતી અને આ મિટિંગમાં વેપારી એસોસીયેશન/મહાજનોએ આ પ્રક્રિયા અસરકારક રીતે થાય તે માટેની જવાબદારી લીધેલ છે. આ મિટિંગનો અહેવાલ આપની જાણ સારુ અત્રે બિડાણ કરેલ છે.

સાહેબશ્રી, સદર પ્રક્રિયા પૂર્ણ કરવામાં વેપારી મહાજનોને ઓછામાં ઓછા ૧૦ દિવસ જેવો સમય લાગી શકે તેમ છે. અમારી મહાજન સંકલન સમિતિને અમુક સભ્ય વેપારી એસોસીયેશનો તરફથી ફરિયાદો મળી છે જેમાં તેમણે જણાવ્યુ છે કે સ્થળ ઉપર કાર્યરત અધિકારીઓ સુધી સંપૂર્ણ માહિતી અને સ્પષ્ટ સૂચનો ન પહોંચવાને કારણે આ મહાજનોના વેપારીઓને બિનજરૂરી મુશ્કેલીઓનો સામનો કરવો પડે છે. તેથી સ્ક્રીનીગ અને હેલ્થ કાર્ડ ઇસ્યુ કરવાની ઉપરોક્ત પ્રક્રિયા ચાલતી હોય તે સમય દરમ્યાન સ્થળ પર કાર્યરત મહાનગરપાલિકા, પોલીસ તેમજ કલેક્ટર કચેરીના અધિકારીશ્રીઓ તરફથી વેપારીઓને પુરેપુરો સાથ અને સહકાર મળી રહે અને તેમને કોઇ પણ પ્રકારની બિનજરૂરી કનડગત ન થાય તે અંગેના યોગ્ય આદેશો સ્થળ પર કાર્યરત અધિકારીઓને આપવા આપશ્રીને નમ્ર વિનંતી છે.

ફરી એકવાર આ સકારાત્મક નિર્ણય લેવા બદલ આપનો આભાર,

**આપનો વિશ્વાસુ,**

**તન્મય મહેતા**
*સેક્રેટરી જનરલ*

બિડાણ : ઉપર મુજબ

**નકલ રવાના :**

૧. **શ્રી મુકેશ કુમાર, IAS,** મ્યુનિ. કમિશ્નરશ્રી, અમદાવાદ મહાનગરપાલિકા

૨. **શ્રી અનિલ મુકીમ, IAS,** મુખ્ય સચિવ, ગુજરાત સરકાર

૩. **શ્રી કે. કે. નિરાલા, IAS,** કલેક્ટરશ્રી, અમદાવાદ

૪. **શ્રી આશીષ ભાટિયા, IAS,** પોલીસ કમિશ્નરશ્રી, અમદાવાદ

Shri Ambica Mills - Gujarat Chamber Building, Ashram Road, Ahmedabad- 380009. INDIA. | +91 - 79 - 2658 2301-2-3-4 | gcci@gujaratchamber.org | www.gujaratchamber.org

# Gujarat Chamber of Commerce & Industry

ગુજરાત વેપારી મહામંડળ ૧૯૪૯ થી કાર્યરત


**Durgesh V. Buch**
President

**Natubhai Patel**
Sr. Vice President

**Bhargav Thakkar**
Vice President

**Sanjeev Chhajer**
Secretary

**Dilip M. Padhya**
Secretary (R)

**Pathik S. Patwari**
Treasurer


13 મે, 2020

**ડૉ. રાજીવ કુમાર ગુપ્તા , IAS**
અધિક મુખ્ય સચિવ
વન અને પર્યાવરણ વિભાગ,
ગુજરાત સરકાર
ગાંધીનગર

**વિષય: આવશ્યક સેવાઓ પુરી પાડતી દુકાનો તથા ધંધાકીય એકમોનું અમદાવાદ મહાનગરપાલિકા દ્વારા મેડિકલ સ્ક્રીનીંગ બાબતે**

**માનનીયશ્રી,**

વર્તમાન પરિસ્થિતિને ધ્યાનમાં રાખીને આપશ્રી દ્વારા લેવામાં આવતા સાવચેતીના પગલાંઓને અમે બિરદાવીએ છીએ અને COVID-19 સામેની આપણી લડતમાં વેપાર-ઉદ્યોગ વતી આપને પુરેપુરો સહયોગ આપવા અને સંયુક્ત પ્રયત્નો કરવાની કટિબદ્ધતા દર્શાવીએ છીએ.

અમદાવાદ મહાનગરપાલિકા દ્વારા જરૂરી ચીજવસ્તુઓ અને સેવાઓ પૂરી પાડતી દુકાનો અને ધંધાકીય એકમો માટે ફરજીયાત મેડિકલ સ્ક્રીનીંગ ની વ્યવસ્થા કરવાના નિર્ણયને અમે આવકારીએ છીએ. પરંતુ સ્પષ્ટ માર્ગદર્શિકાના અભાવને કારણે આ હુકમ કોને ફરજીયાત લાગુ પડે તે અંગે ખુબ મૂંઝવણ વર્તી રહી છે.

અમારી સમજ મુજબ આ હુકમનો ઉદ્દેશ સુપર-સ્પ્રેડરને સમયસર ઓળખીને યોગ્ય સાવચેતીના પગલાંઓ લેવાનું છે. તેથી નાના લારીવાળા વેપારીઓ અને રિટેઈલ વેપારીઓ વધુ લોકોના સંપર્કમાં આવતા હોવાથી તેમને આ સ્ક્રીનીંગ ફરજીયાત કરાવવું જોઈએ તે તર્કસંગત જણાય છે. પરંતુ જથ્થાબંધ માલના વેપારીઓને ત્યાં ખુબજ માર્યાદિત અવર-જવર અને માનવીય સંપર્ક હોવાથી તેમને આ હુકમમાંથી બાકાત રાખી શકાય તેવું અમારું માનવું છે.

વધુમાં અમારા અગાઉના પત્રમાં જણાવેલ સૂચન મુજબ આ સ્ક્રીનીંગ જો વેપારી એસોસિએશનની ઓફિસમાં થાય તો આ પ્રક્રિયા વધુ સરળતાથી થઇ શકે અને જે તે વાર્ડમાં લોકોની ભીડ થાય નહિ જેથી સામાજિક દૂરીના નિયમનું પણ પાલન થઇ શકે.

ઉપરોક્ત સૂચનોને શહેરની પ્રજાના વિશાળ હિતમાં વિચારણામાં લેવા અને આ અંગે વહેલી તકે સકારાત્મક નિર્ણય લેવા અમારી આપશ્રીને નમ્ર વિનંતી છે.

આપનો વિશ્વાસુ,

**દુર્ગેશ બુચ**
**પ્રમુખ**

**બીડાણ: ઉપર મુજબ**

**નકલ રવાના:**
**શ્રી મુકેશ કુમાર, IAS,** મ્યુનિસિપલ કમિશ્નરશ્રી, અમદાવાદ મહાનગરપાલિકા
**શ્રી અનિલ મુકીમ, IAS,** મુખ્ય સચિવ, ગુજરાત સરકાર
**શ્રી કે.કે. નિરાલા, IAS,** કલેક્ટરશ્રી, અમદાવાદ
**શ્રી આશિષ ભાટિયા, IAS,** પોલીસ કમિશ્નરશ્રી, અમદાવાદ


Shri Ambica Mills - Gujarat Chamber Building, Ashram Road, Ahmedabad- 380009. INDIA.
+91 - 79 - 2658 2301-2-3-4
gcci@gujaratchamber.org
www.gujaratchamber.org

અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન
મહાનગર સેવા સદન, (આરોગ્ય વિભાગ)
સરદાર પટેલ ભવન, બીજો માળ, નવું બિલ્ડીંગ, દાણાપીઠ, ખમાસા, અમદાવાદ.
(ટે.નં. ૦૭૯-૨૫૩૯૧૮૧૧)email :mohahmedabad@ahmedabadcity.gov.in

તા.૧૬/૦૫/૨૦૨૦

પ્રતિ,
સેક્રેટરી જનરલશ્રી
ગુજરાત ચેમ્બર્સ ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રી,
આશ્રમ રોડ, અમદાવાદ.

હેલ્થ મધ્યસ્થ કચેરી
ઈન્વર્ડ નં. 532
આવ્યા તા / /20
રવાના તા. 16/05/2020

અમદાવાદ શહેરમાં કોવીડ-૧૯ની હાલની પરિસ્થિતીને ધ્યાને લઈ ગુજરાત ચેમ્બર્સ ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રીના સૌ મહાજનો દ્વારા તેમના સભ્યોના હેલ્થ સ્ક્રીનીંગ કરવા માટે ઉભી કરેલ વ્યવસ્થા આવકાર્ય છે. અમદાવાદ મ્યુનિ.કોર્પોરેશન આપના આ કાર્યને બિરદાવે છે. ગુજરાત ચેમ્બર્સ ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રી દ્વારા કરવામાં આવતા ચેકીંગ / હેલ્થ સ્ક્રીનીંગની કામગીરી દરમ્યાન જો કોઈ વેપારી / કર્મચારી / વર્કરને કોવીડ-૧૯ના શંકાસ્પદ લક્ષણો જેવા કે તાવ, શરદી, ઉધરસ વિગેરે જોવા મળે તે તો તેવા વ્યકિતે તાત્કાલિક યોગ્ય સારવાર આપવા અને સદર વ્યકિતને નિયમનુસાર હોમ આઈશોલેશન કરવા અને તેનું ચુસ્તપણે પાલન થાય તે ખુબ જ જરુરી છે. આ માટે આપના નજીકના અર્બન હેલ્થ સેન્ટર / સામૂહિક આરોગ્ય કેન્દ્રની મુલાકાત લઈ જરુરી મદદ મેળવી શકશો. કોવીડ-૧૯ મહામારી દરમ્યાન ગુજરાત ચેમ્બર્સ ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રી દ્વારા કરવામાં આવતી સદર કામગીરી સહરાનીય અને પ્રશંસાપાત્ર છે.

આભાર..

16.5.20.

(ડૉ.ભાવિન સોલંકી)
આરોગ્ય અધિકારી

GCCI

# Gujarat Chamber of Commerce & Industry

Shri Ambica Mills - Gujarat Chamber Building, Ashram Road, Ahmedabad - 380 009. INDIA.
079-2658 2301/2/3/4, 2658 0527 **Fax No.** 079-2658 7992
gcci@gujaratchamber.org | www.gujaratchamber.org

## ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રી અને અમદાવાદના વેપારી મહાજનોના હોદ્દેદારોની ઉપસ્થિતમાં અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન સાથે યોજવામાં આવેલ મિટિંગનો અહેવાલ.

તા. ૧૪-૫-૨૦૨૦ના રોજ ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રી ખાતે ચેમ્બરના પ્રમુખ શ્રી દુર્ગેશ બુચ તેમજ અન્ય હોદ્દેદારો, મહાજન સંકલન સમિતિના ચેરમેન શ્રી કિરીટભાઇ શાહ તેમજ અમદાવાદના વિવિધ વેપારી મહાજનોના હોદ્દેદારોની ઉપસ્થિતિમાં અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશનના ડૉ. દિવ્યાંગ પી. ઓઝા સાથે વેપારીઓ માટેની મેડીકલ સ્ક્રીનીગની અને હેલ્થ કાર્ડ ઈસ્યુ કરવા અંગે એક મિટિંગ યોજાઈ હતી જેમાં નીચે મુજબની ચર્ચા થઇ હતી અને નિર્ણયો લેવામાં આવ્યા હતા :

- અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન દ્વારા વેપારી મહાજનોના વેપારીઓ માટેની મેડીકલ સ્ક્રીનીગ તેમજ હેલ્થ કાર્ડ ઈસ્યુ કરવાની જવાબદારી વેપારી મહાજનોને આપવામાં આવી છે.
- મહાજનો દ્વારા તેમના વેપારીઓ માટે સ્ક્રીનીગ કરી હેલ્થ કાર્ડ ઈસ્યુ કરી શકાશે જેની અવધી એક અઠવાડિયાની રહેશે જે સમયના અંતે ફરીવાર સ્ક્રીનીગ કરાવી કાર્ડ રીન્યુ કરવાનું રહેશે.
- આ હેલ્થ કાર્ડમાં પુરી વિગત ભરવાની અને ઈસ્યુ ડેટ રાખવાની છે. જે તે સમયે અધિકારી કાર્ડ હોલ્ડર પાસે તેનો પુરાવો માંગે તો આધારકાર્ડ બતાવવાની જવાબદારી કાર્ડ હોલ્ડરની રહેશે.
- વેપારી મહાજનો દ્વારા તેમના એસોસીયેશનની ઓફીસમાં મેડીકલ સ્ક્રીનીગ માટે બે મુખ્ય પ્રક્રિયાઓ કરવાની રહેશે, જેમાં પહેલી પ્રક્રિયા થર્મલ ગન થકી ટેમ્પ્રેચર તપાસ કરવાની રહેશે અને બીજી પ્રક્રિયામાં વેપારીને તાવ, શરદી અથવા અન્ય ફ્લૂ જેવા લક્ષણો છે કે નહીં તે મૌખિક પ્રશ્નોત્તરી થકી ચકાસવાનું રહેશે.
- જે વેપારીનું ટેમ્પ્રેચર આવે અથવા તો પ્રશ્નોત્તરીમાં કોઇ પણ એક અથવા તેથી વધુ લક્ષણો જણાય તો તે વેપારીને અર્બન હેલ્થ સેન્ટર અથવા જે તે વૉર્ડમાં મોકલવાનું રહેશે.
- શ્રી ઓઝા દ્વારા અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશનની સ્ક્રીનીગ પ્રક્રિયા વિષે માહિતી આપવામાં આવી, તેમણે જણાવ્યું કે અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન દ્વારા પ્રાથમિક તબક્કે થર્મલ ગન અને પ્રશ્નોત્તરી થકી સ્ક્રીનીગ કરવામાં આવશે. આ સ્ક્રીનીગ દરમ્યાન જેમને કોઇ ગંભીર લક્ષણો જણાય તેમનો હાલમાં રેપીડ ડાયગ્નોસ્ટેક કીટ દ્વારા ચકાસણી કરાય છે. જો તે ટેસ્ટનું પરિણામ પોઝીટીવ આવે તો તેમના નાક અને મોઢા માંથી સેમ્પલ લેવામાં આવે છે જેનો રીપોર્ટ ૨૪ કલાકમાં પ્રાપ્ત થાય છે.

GCCI
# Gujarat Chamber of Commerce & Industry
Shri Ambica Mills - Gujarat Chamber Building, Ashram Road, Ahmedabad - 380 009. INDIA.
079-2658 2301/2/3/4, 2658 0527 **Fax No.** 079-2658 7992
gcci@gujaratchamber.org | www.gujaratchamber.org



આગળની પ્રક્રિયા અંગે તેમણે જણાવ્યું હતું કે જેમનું COVID-19 ટેસ્ટ પોઝીટીવ આવે તેમના માટે ઘરમાં આઈસોલેશન અથવા માન્ય કોરોના કેર સેન્ટરોમાં દાખલ થવાના વિકલ્પ આપવામાં આવે છે.

ત્યારબાદ મિટિંગમાં ઉપસ્થિત વેપારી મહાજનોના સભ્યો દ્વારા તેમની સમજણોના નિકાલના ઉદ્દેશથી પ્રશ્નો પુછવામાં આવ્યા હતા જેની વિગત નીચે મુજબ છે :

- અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશનનો હુકમ તા. ૧૫-૪-૨૦૨૦ થી લાગુ કરવાનો થાય છે જેનો ઉદ્દેશ મુખ્યત્વે સુપર સ્પ્રેડરોની ઓળખ કરી તેમના માટેના સાવચેતીના પગલાં લેવાનો છે તેથી હોલસેલના વેપારી મહાજનો માટે આ હુકમ ફરજીયાત નથી. તેમ છતાં સ્વહિતમાં બીજા વેપારી મહાજનોના સભ્યો દ્વારા સ્ક્રીનીગ કરાવવું હિતાવહ છે તેવી ભલામણ મિટિંગમાં કરવામાં આવી હતી.
- વેપારી મહાજનો દ્વારા પ્રક્રિયા પૂર્ણ કરવા માટે લૉકડાઉન સંપૂર્ણપણે ખુલવાથી ૧૦ દિવસનો સમય આપવાની વાત થયેલ છે.
- ધી અમદાવાદ કીરાણા વેપારી એસોસીયેશનના સંયુક્ત સેક્રેટરી શ્રી પપ્પુભાઈના પ્રશ્નના ઉત્તરમાં જેમને કોઈ જુનો રોગ હોય અને તેમનું ટેમ્પ્રેચર સ્ક્રીનીગ દરમ્યાન વધુ આવે તો તેવા વ્યક્તિઓને કાર્ડ ઇસ્યુ કરવામાં ન આવે તેમ જણાવ્યું હતું. એસોસીયેશનના માનદ્-મંત્રી શ્રી અરવિંદ ખંડેવાલ દ્વારા રોજના ઇસ્યુ થયેલ કાર્ડની સ્કેન કોપી અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશનમાં આપવામાં આવે તેવું સૂચન કરવામાં આવ્યું હતું.
- એફ.એમ.સી.જી. પ્રોડક્ટ એસોસીયેશનના શ્રી ચેતનભાઈ શાહ અને અમદાવાદ ગ્રેઈન મર્ચન્ટ એસોસીયેશનના સહ મંત્રી શ્રી અરવિંદભાઈ પટેલની રજૂઆતો અંગે જણાવવામાં આવ્યું હતું કે તેવા વ્યક્તિઓ કે જે વધુ લોકોના સંપર્કમાં આવતા હોય તેમની સ્કીનીગને શરુઆત ના તબક્કે પ્રાધાન્ય આપવું.
- GCCIના પ્રમુખ શ્રી શ્રી દુર્ગેશ બુચે ચેમ્બરની આજુબાજુના વિસ્તારના વેપારીઓ માટે ચેમ્બરની ઓફીસ ખાતે એક સ્ક્રીનીગ સેન્ટર રાખવા ભલામણ કરી હતી.

GCCI

# Gujarat Chamber of Commerce & Industry

Shri Ambica Mills - Gujarat Chamber Building, Ashram Road, Ahmedabad - 380 009. INDIA.
079-2658 2301/2/3/4, 2658 0527 **Fax No.** 079-2658 7992
gcci@gujaratchamber.org | www.gujaratchamber.org



- હોટલ એસોસીયેશનના પ્રમુખ શ્રી નરેન્દ્ર સોમાણીના પ્રશ્નના ઉત્તરમાં જણાવવામાં આવ્યું હતું કે બધાજ વેપારીઓ માટે આરોગ્ય સેતુ એપ ડાઉનલોડ કરાવવું ફરજીયાત રહેશે અને દરેક વેપારી મહાજનને આરોગ્ય સેતુ એપ ઈન્સ્ટોલ કરેલ હોય તેવા જ કિસ્સાઓમાં હેલ્થ કાર્ડ આપવું તેવી ભલામણ કરવામાં આવી હતી.
- અમદાવાદ ટી મર્ચન્ટ્સ એસોસીયેશનના શ્રી શ્રીપાલ શાહના પ્રશ્નના ઉત્તરમાં જણાવવામાં આવ્યું હતું કે કન્ટેનમેન્ટ ઝોનમાં આવતા વેપારીઓએ કન્ટેન્મેન્ટ ઝોન અંગેના બધાજ નિયમોનું પાલન કરવાનું રહેશે.
- જો એક્સપાયરી ડેટ વગરના કાર્ડ ઇસ્યુ કરવામાં આવશે તો તેના માટે વેપારી મહાજન જવાબદાર રહેશે તેવું જણાવવામાં આવ્યું હતું.
- કાલુપુર વેપારી મહાજનના શ્રી શ્યામભાઇ દ્વારા પ્રશ્ન કરવામાં આવ્યો હતો કે તેમના ત્યાં આવતા ગ્રાહકો માટેની સ્ક્રીનીગ કરાવવી પડે કે કેમ? આ પ્રશ્નના ઉત્તરમાં જણાવવામાં આવ્યું હતું કે ગ્રાહકોનું સ્ક્રીનીગ કરાવવું તે વેપારી મહાજનની જવાબદારી રહેશે નહીં. ખાલી ગ્રાહકે માસ્ક પહેર્યું છે અને સામાજીક દુરી અંગેનું પાલન કરે છે તે જ જોવાનું રહેશે.
- GCCI વતી મહાજન સંકલન સમિતિ (અમદાવાદ) ના ચેરમેન શ્રી કિરીટભાઇ શાહ નોડલ સંપર્ક રહેશે તેવું જણાવ્યું હતું.
- અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન વતી ડૉ. ઓઝા અને/અથવા જે તે વોર્ડના ડે. હેલ્થ ઓફીસરોના સંપર્ક કરવાનો રહેશે.
- Anywhere Banking ની જેમ કોઇ પણ નાગરિકનું સ્ક્રીનીગ કોઇ પણ વોર્ડમાં થઇ શકે તેવી મંજુરી આપવી જોઇએ.
- શ્રી કિરીટભાઇ શાહે જણાવ્યું હતું કે હેલ્થ કાર્ડ આપવાની આ સંપૂર્ણ પ્રક્રિયામાં ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઇન્ડસ્ટ્રી વેપારી મહાજનો અને અમદાવાદ મહાનગરપાલિકા વચ્ચે માત્ર નોડલ બોડી તરીકે કામગીરી કરશે અને હેલ્થ કાર્ડ અંગેની સંપૂર્ણ જવાબદારી વેપારી મહાજનોની રહેશે.

આભારવિધિ બાદ મિટિંગની કાર્યવાહી પૂર્ણ કરવામાં આવી હતી.